# છેલ્લા ૨૪ કલાકમાં ૨૪નાં મૃત્યુ, નવા ૧૧૪૪ કેસ

## કોરોના ફરીવાર ૧૧૦૦નો આંકડો પાર કરીને : અત્યાર સુધીમાં ૪૩૧૯૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા : કુલ મૃત્યુઆંક ૨૩૯૬ : ૧૩૪૪૬ લોકો સ્ટેબલ

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં સતત બીજા દિવસે અને જુલાઈમાં ત્રીજીવાર કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૨૯૧૪ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૧૧૪૪ પોઝિટિવ કેસ નોંધાવ્યા હતા. આ સાથે રાજ્યમાં કોરોના કુલ સંક્રમિતનો આંકડો ૫૯ હજારને પાર થઈ ૫૯૧૨૬ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૪ મૃત્યુ નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૩૯૬ થયો છે. આજે ૭૮૩ દર્દીઓ સાજા થયા હતા. આ સાથે ડિસ્ચાર્જ થવાનો આંકડો ૪૩ હજારને પાર થઈ ૪૩૧૯૫ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ એક્ટિવ કેસ ૧૩૫૩૫ થયો છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૩૪૪૬ સ્ટેબલ છે. અનલોક-૩માં આજે રાત્રિ કર્ફ્યુ હટાવવા અને જિમ તેમજ યોગ પ્રવૃત્તિ કરવાની છૂટછાટ વચ્ચે રાજ્યમાં કોરોનાનો દૈનિક આંકડો સતત વધી રહ્યો છે. પ્રજાએ વધુ સર્તક રહેવાની તાતી જરૂરિયાત છે.

આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ સુરત કોર્પોરેશનમાં ૮ અને જિલ્લામાં ૩, અમદાવાદ શહેર ૫, પાટણ, રાજકોટ, વડોદરા શહેરમાં ૨-૨ અને મહેસાણા તેમજ વડોદરા ગ્રામ્યમાં ૧-૧ કેસ સાથે કુલ ૨૪ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૧ અને ગ્રામ્યમાં ૧૧ સાથે ૧૫૨ કોરોના પોઝિટિવના કેસ આજે નોંધાયા હતા. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૬૧૮૪ થયો છે. આજે વધુ ૫ મોત સાથે શહેરમાં કુલ ૧૫૮૪ મોત થયા છે. સુરત શહેરમાં ૨૦૭ અને ગ્રામ્યમાં ૨૪ સાથે ૨૯૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૨૫૧૪ થયો છે.

આજે વધુ ૧૧ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૭૯ થયો છે. વડોદરા શહેરમાં ૭૨ અને ગ્રામ્યમાં ૨૩ સાથે ૯૫ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૪૪૬૨ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૯૮ થયો છે. ગાંધીનગર શહેરમાં ૧૨ અને ગ્રામ્યમાં ૩૮ સાથે આજે કોરોના પોઝિટિવનો આંકડો એક દિવસમાં ૫૦ પર પહોંચ્યો છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૪૦૬ થયો છે.

## મોડાસામાં કોરોનાના વધુ ત્રણ કેસ, કુલ આંક ૩૨૫

બુધવારના રોજ મોડાસામાં વધુ ત્રણ નવા પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૩૨૫ પર પહોંચ્યો છે. બુધવારના રોજ મોડાસામાંથી ત્રણ કોરોના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે. જિલ્લામાં રોજે રોજ કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસરતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

અરવલ્લીમાં દિવસેને દિવસે કોરોનાનો અજગરી ભરડો મંડાઈ રહ્યો છે. બુધવારે મોડાસાના આઈ.જી.બંગલોઝ ખાતે ૬૭ વર્ષિય પુરુષ, મીલ્લતનગર સોસાયટીમાં ૩૬ વર્ષિય પુરુષ અને સાયરા પંચાયતના તાબા હેઠળના ફોર્ચ્યુન કોમ્પલેક્સમાં ૫૮ વર્ષિય પુરુષને કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. તમામ કોરોના પોઝેટીવ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરી સઘન સારવાર હાથ ધરી હતી. મોડાસામાં વધુ કોરોનાના પોઝીટીવ કેસો નોંધાતા સ્થાનિક પાલિકા તંત્ર, પંચાયત તેમજ આરોગ્ય તંત્રની ટીમો જે-તે વિસ્તારમાં પહોંચી ગઈ હતી અને કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોને કોરોન્ટાઈન કરી તબીબી પરીક્ષણ હાથ ધરી સમગ્ર વિસ્તારને સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.

## જિલ્લામાં રેશનકાર્ડ ધારકોનું અનાજનું કાળાબજાર કરનાર ચાર સામે કડક પગલાં લેવાશે

ગાંધીનગર, તા. ૨૯

ગરીબ રેશનકાર્ડ ધારકોને રાહતદરે મળવાપાત્ર અનાજ, આવશ્યક ચીજવસ્ત્યુઓનો જથ્થો સરકાર માન્ય વાજબી ભાવની દુકાન પર પહોંચતો નહિ કરીને અનધિકૃત રીતે ખુલ્લા બજારમાં વેચાણ કરીને નફાખોરી આચરવાની પ્રવૃતિ કરતાં ચાર વ્યક્તિઓ સામે ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા કાળા બજાર નિવારણ અધિનિયમ અને આવશ્યક ચીજ વસ્તુના પુરવઠા જાળવણી અધિનિયમ હેઠળ અટકાયત કરવાનો આદેશ કર્યો છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી નિરૂપા ગઢવીના જણાવ્યા અનુસાર તાઃ૦૫/૦૩/૨૦૨૦ના રોજ હાઈવે ઉપર આવેલા લિંબડીયા ગામથી પસાર થતી નર્મદા કેનાલની સામે આવેલા વિમલ પેસ્ટીસાઈડ ફેક્ટરી નજીક રોડ ઉપર બ્લોક નંબરઃ૯૬ ખાતે ગોડાઉન બનાવવામાં આવેલું છે. જ્યાં એક ગોડાઉનની અંદર સરકારી ગોડાઉનમાંથી અનાજ લાવીને અન્ય કોથળાઓમાં પેક કરી બારોબાર તેનું વેચાણ થતું હોવાની બાતમી ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્રનાં એલ.સી.બી. -૨ના પી.એસ.આઈશ્રીને મળી હતી. જે બાતમીના આધારે તેમણે ત્યાં રેડ પાડી હતી. જેમાં સ્વામીનારાયણ ટ્રેડીંગ કું. અનાજ કેટલ ફુડનાં વેપારી લખેલ ગોડાઉનની તપાસ દરમ્યાન આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી.

આ સીઝ કરવામાં આવેલા જથ્થામાં ઘઉના કુલ : ૬૬ કટ્ટા તથા ગોડાઉન રહેલ જથ્થાની ભૌતિક ખરાઈ કરતાં ઘઉના ૮૦૩ કટ્ટા, ચોખાના ૧૯૫ કટ્ટા, ચણાદાળ ૨૩ કટ્ટા, ખાંડ ૫ કટ્ટા, સરકારી ખાલી બારદાન ૭૦૦ નંગ. પ્લાસ્ટિકની ખાલી બેગ આશરે ૧૨૦૦ નંગ મળી આવેલ હતા. જે તમામ જથ્થાના કટ્ટાનું આશરે ૪૫ થી ૫૦ કિ.ગ્રા. વજન હતું. જેની કુલ કિંમત અંદાજે ૧૪,૨,૬૫૦/- રૂપિયા થાય છે. કેસની ગંભીરતા જોતા જિલ્લા કલેક્ટરશ્રીએ તાઃ૧૨/૦૩/૨૦૨૦નાં રોજ નાયબ મામલતદાર (પુ)ને સંલગ્ન ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કર્યા.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. કુલદીપ આર્ય એ આવા ગુનાહિત તત્વો સામે લાલ આંખ કરી છે અને સમાજ ગુનેગારો માટે ચેતવણી છે કે ગાધીનગરમાં કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ સાંખી નહિ લેવાય.

## મહેસાણા કોંગ્રેસે ચીફ ઓફિસરને ઘેર્યા, સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

મહેસાણા, તા. ૨૯

મહેસાણા નગરપાલિકામાં આજે સામાન્ય સભામાં ૮ મૂળ જે કારોબારીમાં ન હોવા છતાં પણ હાથ ઉપરના કામો કહીને મંજુર કરવાતાં સત્તાધારી પક્ષ ભાજપ સામે કોંગ્રેસે ભારે ગંભીર આક્ષેપો કર્યા હતા જયારે આ સમગ્ર મામલે કોંગ્રેસનું દામન છોડીને ભાજપમાં ગયેલા કોર્પોરેટરે પણ મંજુર કરતા સામાન્ય સભા આજે ભારે ગરમ થવા પામી હતી, જયારે સોશીયલ ડિસ્ટન્સનો અભાવ સભામાં જોવા મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ વિરોધ પ્રદશન કરતા ચીફ ઓફિસરને ઘેરી લીધા હતા જ્યારે ભાજપે રાષ્ટ્રગાન શરૂ કર્યા બાદ પણ સભામાં વિરોધ યથાવત રહેવા ગયો હતો.

મહેસાણા નગરપાલિકામાં આજે ભાજપની બહુમતી જે કોંગ્રેસના સભ્યો દ્વારા થવા ગઈ છે તેવા સભ્યો સાથે આજે હાથ ઉપરના કામોને મંજુરી આપી દેતા કોંગ્રેસે ભારે વિરોધે આજે પાલિકાની સામાન્ય સભામાં કર્યો હતો. હોબાળામાં પાલિકાના ચીફ ઓફિસરને ઘેરતા મામલો વધુ ઉગ્ર બનવા ગયો હતો જયારે આ સમગ્ર મામલે સોશીયલ ડિસ્ટન્સના ધજગરા કોંગ્રેસે કર્યા હતા અને સત્તાના જોરે તમામ કમો બે મિનિટમાં મંજુર કરીને સભા સમેટાઈ હતી. સોશીયલ ડિસ્ટન્સને લઈને સભા મહેસાણા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી જેમાં કોંગ્રેસે કારોબારી ચેરમેનને પણ ન ગણકારતા મામલો વધુ ઉગ્ર બનતોગયો હતો. એ ચીફ ઓફિસરને ઘેરવા સહીત વિરોધ કોંગ્રેસ કર્યો હતો. કોંગ્રેસના ઓફિસરને ઘેર્યા હતા અને સભા પૂર્ણ થાય તે પહેલા રાષ્ટગીત દરમિયાન પણ કોંગ્રેસે વિરોધ ચાલુ જ રાખ્યો હતો. જે મુદ્દો આજે ભારે ચર્ચામાં આવ્યો હતો. સભાખંડમા



પાલિકાના ચીફ ઓફિસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. મહેસાણા નગરપાલિકા સામાન્ય સભા આજે ભારે તોફાની બનતા મહેસાણા નગરપાલિકાનું રાજકારણ ગરમાયુ હતુ. સામાન્ય સભામાં હાથ ઉપરના કામો ભાજપના બહુમતીના જોરે મંજૂર કરતાં વિવાદ વકર્યો હતો જેમાં સભ્યોએ વહીપ સાથે કામો કરાવવાનો પ્રયાસ કરતા સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા તમામ કામો મંજુર કરીને બોર્ડ પૂર્ણ કર્યુ હતું જયારે કોંગ્રેસના મૂક સભ્યો ભાજપમાં આજે જોવા મળ્યા હતા. પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરે કામો મંજૂર કરી સભા પૂર્ણ કરતા કોંગ્રેસના સભ્યોએ ચીફ પોલીસ પહોંચીને તજવીજ કરી હતી અને કોંગ્રેસે ચીફ ઓફિસર સહિત ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા અને પાલીકાના ટેક્સ સહિતના મુદ્દા પર કોંગ્રેસે સભાને ચાલુ રાખવા મથામણ કરતું હતું જ્યારે પોલીસે સભા પત્યા બાદ ચીફ ઓફિસરને બન્દોબસ્ત આપીને બહાર કાઢ્યા હતા.

## ગુજરાત સરકાર અને યુકે ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલે રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સમજૂતિ કરાર કર્યા

અમદાવાદ, તા. ૨૯

યુકે ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલે, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરતી ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની અગ્રણી સંસ્થા ઈન્ડિસ્ટ્રીયલ એક્સટેન્શન બ્યુરો (ઈન્ડેક્સટીબી) સાથે સમજૂતી કરાર કર્યા છે.

યુકેઆઈબીસી અને ગુજરાત સરકાર વચ્ચેની આ ભાગીદારી રાજ્યમાં કારોબાર અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત તે ગુજરાતમાં બ્રિટિશ વેપાર-ઉદ્યોગો માટે કારોબારલક્ષી માહોલ સુદૃઢ બનાવવામાં અને તેમની સાથેના જોડાણને મજબૂત બનાવવામાં ઉપયોગી નિવડશે.

ગુજરાત સરકારના ઈન્ડસ્ટ્રીયલ એક્સટેન્શન બ્યુરો (ઈન્ડેક્સટીબી)ના મેનેજિંગ ડિરેક્ટર સુશ્રી નીલમ રાની તથા યુકેઆઈબીસીના મેનેજિંગ ડિરેક્ટર કેવિન મેકકોલે દ્વારા, બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશન-અમદાવાદના ડેપ્યુટી હાઈ કમિશ્નર પીટર કૂક, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમકે દાસ તથા ગુજરાત સરકારના ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન વિભાગના રેસિડેન્ટ કમિશ્નર અને કમિશ્નર સુશ્રી આરતી કંવરની ઉપસ્થિતિમાં યોજાયેલા વર્ચ્યુઅલ રાઉન્ડટેબલમાં આ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરાયા હતાં.

આ પ્રસંગે બોલતાં યુકેઆઈબીસીના મેનેજિંગ ડિરેક્ટર કેવિન મેકકોલેએ જણાવ્યું હતું કે આજે આ સમજૂતી કરાર કરીને હું અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યો છું, જેનાથી યુકેઆઈબીસી અને ગુજરાત વચ્ચે ૨૦૧૩ થી શરૂ થયેલી ભાગીદારી વધુ મજબૂત બનશે. ૨૦૧૩માં યુકેઆઈબીસીએ સૌપ્રથમવાર વાઈબ્રન્ટ ગુજરાતમાં પાર્ટનર ઓર્ગેનાઈઝેશન તરીકે ભાગ લીધો હતો, અને વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૧માં પણ યુકેઆઈબીસી આ પ્રકારની સમાન ભાગીદારી કરવા ઉત્સુક છે.

## પ્રાંતિજના બાઈના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન-વાઈસ ચેરમેનની વરણી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા બાઈના મુવાડા




ખાતે આવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની ચેરમેન અને વા.ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી તેમાં ચેરમેન તરીકે ઘનશ્યામસિંહ ભૂપતસિંહ ઝાલા તથા વાઈસ ચેરમેન વિનુભાઈ પ્રભાતસિંહ દેસાઈની બિનહરીફ વરણી કરવામાં આવતા ચેરમેને તમામ સદસ્યોનો આભાર માન્યો હતો.

## બાયડ નગરપાલિકાના દ્વારા અવિરત સેવા આપતા ૬૯ કર્મચારીઓ માટે વીમા કવચ લેવાનો નિર્ણય કર્યો

બાયડ, તા. ૨૯

બાયડ ખાતે આવેલ નગરપાલિકામાં બુધવારના રોજ



યોજાયેલી સામાન્ય સભામાં કર્મચારીઓ માટે વીમા કવચ પુરૂ પાડવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગત આપતા નગરપાલિકાના પ્રમુખ શાહીન મલેક, પૂર્વ પ્રમુખ ચીમનભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ દિનકરભાઈ પટેલ પાસેથી મળેલી માહિતી મુજબ બુધવારના રોજ ૧૧.૩૦ કલાકે નગરપાલિકા ખાતે કોરોનાની મહામારીમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવી અને સામાન્ય સભા યોજવામાં આવી હતી, જેમાં નગરપાલિકાના કર્મચારીઓ માટે નગરપાલિકા વહારે આવી છે. એક તરફ કોરોના ચાલી રહ્યો છે ત્યારે નગરપાલિકાના ૬૯ જેટલા કર્મચારીઓ અવિરતપણે સેવા આપી રહ્યા છે ત્યારે તેમની સુરક્ષા તથા આરોગ્યની જાળવણી કરી નગરપાલિકાએ તમામ કર્મચારીઓ માટે વીમા કવચ લેવાનું નક્કી કર્યું છે.

જેમાં સફાઈ કામદારોનેવિશેષ કાળજી લેવામાં આવશે, જયારે બીજી બાજુ બાયડના લાખેશ્વરી વિસ્તારમાં નગરપાલિકાના પ્રમુખ કારોબારી અધ્યક્ષ કોર્પોરેટરોએ સાથે મળી નવીન રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું.

## માલપુર તાલુકામાં ૧૩૦૦થી વધુ લોકોએ ઔષધિય ઉકાળાનો લાભ લીધો

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદને અકસીર ઈલાજ માનવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં કોરોનો વ્યાપ વધતા શહેર અને ગામના લોકો સંક્રમણની અસરમાં આવ્યા છે. જેને લઈ માલપુરના



આયુર્વેદ કચેરી તથા સ્થાનિક વનમંડળીના સંયુક્ત ઉપક્રમે માલપુરના કોરોનાગ્રસ્ત વિસ્તાર તથા ઉભરાણ ગામે નિશૂલ્ક ઔષધિય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કોરોના સામેની જંગમાં લોકોમાં રોગપ્રતિકાર શક્તિ જળવાય રહે તે માટે ગળો, અરડુસી,તુલસી અને ફૂદીના સહિતના ઔષધિય વનસ્પતિઓનો રસને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. ત્યારે માલપુરની વૃક્ષ ઉછેર ગ્રામવન વિકાસ મંડળના દિનેશભાઈ ઉપાધ્યાય અને સરકારી આયુર્વેદ દવાખાનાના ડૉ. અમિતાબેન પટેલ સહિત વનમંડળીના સંયોજક યશ પંડયા, હેરીક ઉપાધ્યાય, ડંકીત પંડયા, વિવેક ગોર દ્વારા માલપુરમાં જયાં કોરોનાના કેસ સામે આવ્યા છે.

### અનલોક-૩... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સલાહ આપવામાં આવી છે કે જ્યારે કોઈ જરૂરિયાત હોય અથવા આરોગ્યને લગતી સમસ્યા હોય ત્યારે જ ઘરની બહાર જાય. જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત છે. ભીડ કરનારી પ્રવૃત્તીઓ પર પ્રતિબંધ છે. વૈવાહિક કાર્યક્રમોમાં ૫૦ થી વધુ અતિથિઓની મંજૂરી નથી. એ જ રીતે, ૨૦થી વધુ લોકોને અંતિમ વિધિમાં ભાગ લેવાની મનાઈ છે. પાન, ગુટખા, તમાકુ અથવા આલ્કોહોલ પીવું જાહેર સ્થળોએ પ્રતિબંધિત છે.

### મોટા ફેરફાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલની વ્યવસ્થામાં જો ચાર વર્ષ ઈજનેરીમાં અભ્યાસ એટલે ૬ સેમિસ્ટર પુર્ણ કર્યા બાદ જો કોઈ કારણસર આગળ અભ્યાસ ના કરી શક્યા તો કોઈ ઉપાય હતો નહીં. જ્યારે હવે મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટ સિસ્ટમમાં એક વર્ષ બાદ સર્ટિફિકેટ, બે વર્ષ બાદ ડિપ્લોમા અને ૩ – ૪ વર્ષ પછી ડિગ્રી મળી જશે. દેશભરના વિદ્યાર્થીઓના હિતમાં આ ખુબ જ મોટો નિર્ણય છે.રિસર્ચમાં પણ ફેરફારઃ મંત્રી પ્રકાશ જાવડેકરએ વધુમાં જણાવ્યુ કે જે રિસર્ચમાં જવા માગે છે તેના માટે ૪ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ હશે. જ્યારે જે લોકો નોકરીમાં જવા ઈચ્છે છે તેઓ ત્રણ વર્ષનો જ ડિગ્રી પ્રોગ્રામ કરશે. પરંતુ જે રિસર્ચમાં જવા ઈચ્છે છે તેઓ એક વર્ષ એમએ(સ્છ)ની સાથે ૪ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ પછી પીએચ.ડી(રહ્ઠ) કરી શકે છે. તેના માટે એમ.ફિલ(સ્ઁરૈહ્વ)

કરવાની જરૂરિયાત રહેશે નહીં. નવી શિક્ષણ નીતિમાં ઘરેલુ ભાષા પર ભારઃ કેન્દ્રની નવીન શિક્ષણ નીતિમાં ઘરેલુ ભાષા એટલે કે સ્થાનિક ભાષા પર પણ ભાર મુકવામાં આવ્યો છે. નવી નીતિના ભાગ – ૪માં જણાવાયુ છે કે ઓછામાં ઓછા ધોરણ ૫ સુધીમાં અભ્યાસમાં માધ્યમ સ્થાનિક ભાષા, માતૃભાષા કે પછી પ્રાદેશિક ભાષા હશે. એટલે વર્ગ ૫ સુધી શાળામાં અભ્યાસનું માધ્યમ સ્થાનિક કે પ્રાદેશિક ભાષા હશે. આ ઉપરાંત નવી નીતિમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ધોરણ ૫ પછી ધોરણ ૮ સુધી કે પછી તેનાથી આગળ પ્રાદેશિક ભાષાના આ જ ફોર્મ્યુલા લાગુ કરવામાં આવશે.

### પાંચ લાખને પાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ મધ્યપ્રદેશમાં જળસંસાધન મંત્રી તુલસી સિલાવટ અને તેમના પત્ની પણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. દિલ્હીની લોક નાયક હોસ્પિટલમાં સોમવારે એક પણ કેસ સામે આવ્યો નથી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને આ વાતની માહિતી આપી હતી. દિલ્હીમાં સંક્રમિતોની સારવાર કરતી આ સૌથી મોટી હોસ્પિટલ છે. દેશમાં અત્યાર સુધી ૧.૭૩ કરોડ લોકોની તપાસ થઈ જે પૈકી ૧૫ લાખથી વધુ પોઝિટિવ આવ્યા છે.

આંકડા પર નજર નાંખીએ તો દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ગઈકાલે મંગળવારે ૧૫ લાખને પાર થઈ ગયો હતો. અત્યાર સુધી ૧૫ લાખ ૩૨ હજાર ૧૩૫ લોકો સંક્રમણના સંકજામાં આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૯ હજાર ૬૩૨ દર્દી વધ્યા છે.તો તેની સામે ૩૫ હજાર ૪૮૪ લોકો સાજા પણ થયા છે. વધુ ૭૭૦ લોકોના મોત થયા છે.તો અત્યારસુધીમાં ૯ લાખ ૮૮ હજારથી વધુ દર્દી સાજા પણ થઈ ચુક્યા છે, મંગળવારે ૩૪ હજાર ૨૦૦થી વધુ દર્દી સાજા થતા તેમની રજા પવામાં આવી હતી. હાલમાં દેશમાં . ૫ લાખ ૮ હજારથી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. દિલ્હીમાં કોરોનાના અત્યાર સુધી ૧ લાખ ૩૨ હજાર ૨૭૫ કેસ આવ્યા છે. આ મામલામાં દિલ્હી દેશમાં ત્રીજા નંબરે છે, પરંતુ સક્રિય કેસના મામલામાં તે ટોપ-૧૦ની બહાર છે. હાલમાં અહીંયા માત્ર ૧૦ હજાર ૮૮૭ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

દેશમાં સંક્રમણનો પ્રથમ કેસ ૩૦ જાન્યુઆરીના રોજ સામે આવ્યો હતો. ત્યારબાદ એકથી પાંચ લાખ કેસ થવામાં ૧૪૬ દિવસનો સમય લાગ્યો હતો. પણ ૫ લાખથી ૧૫ લાખ કેસ થવામાં એટલે કે સંક્રમણના ૧૦ લાખ કેસ થવામાં ફક્ત ૩૨ દિવસનો સમય લાગ્યો છે.

દરમ્યાનમાં, દિલ્હી પછી મુંબઈમાં પણ સીરો સર્વે થયો છે. જેમાં એવું બહાર આવ્યું છે કે શહેરની ઝૂંપડપટ્ટીમાં ૫૭% લોકો કોરોના સંક્રમિત થઈ ચુક્યા છે. સીરો સર્વેમાં વ્યક્તિના શરીરમાં એન્ટીબોડીની હાજરી અંગેની ખબર પડી શકે છે. જો એન્ટીબોડી મળે તો તેનો અર્થ એ છે કે તે વ્યક્તિ કાંતો સંક્રમતિ છે અથવા તો સંક્રમિત થઈને સાજા થઈ ચુક્યા છે. મુંબઈમાં ઝૂંપડપટ્ટી સિવાયના અન્ય વિસ્તારમાં ૧૬% લોકોમાં એન્ટીબોડી મળ્યા છે. મુંબઈમાં છેલ્લાં ત્રણ મહિનામાં મંગળવારે એક દિવસમાં સૌથી ઓછા કેસ સામે આવ્યા હતા.. રાજ્યના પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરેએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપીહતી કે .સોમવારે અહીંયા ૮૭૭૬ સેમ્પલ લેવાયા હતા. જેમાંથી માત્ર ૭૦૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. શહેરમાં ડબલિંગ રેટ હવે વધીને ૬૮ દિવસ અને રિકવરી રેટ ૭૩% થઈ ગયો છે.

### સહકાર વિભાગના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૩૦ માં રહેતા એક ૩૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જવાનના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-ડી માં રહેતા અને ખાનગી ગારમેન્ટનો બિઝનેશ કરતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ વેપારીના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ કિસાનનગરમાં રહેતા અને જી.આઈ.ડી.સી. સે. ૨૮ ખાતે ખાનગી વ્યવસાય કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વ્યવસાયકારે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ ગ્રીનસીટીમાંથી એક ૭૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મહિલાના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ આદર્શનગરમાંથી એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માંથી એક ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં જ રહેતા અને ખાનગી વેપાર કરતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪, સે. ૨૬ માં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. સે. ૨૪ માં વસ્તીનું ભારણ સૌથી વધુ અને ગીચ વિસ્તાર હોવાથી તંત્ર દ્વારા આ વિસ્તારમાં પરિસ્થિતિ પર કાબુ મેળવવા માટે ખાસ અલગથી રોડમેપ તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

શહેરમાં આજે ૫૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### સ્વાગત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઍરમાર્શલ (રિટાયર્ડ) પ્રણબ કુમાર બરબોરાના કહેવા પ્રમાણે, અંબાલા ભારતનું એવું ઍરબૅઝ છે જે એ વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સ્થાને આવેલું છે. અહીંથી પૂર્વ અને પશ્ચિમના મોરચા લગભગ સમાન અંતરે આવેલા છે. અંબાલા ઉપર હવાઈ હુમલો કરતાં પહેલાં દુશ્મનનાં વિમાનોએ ભારતના હવાઈ સંરક્ષણના અનેક ઘેરાને ભેદવા પડે. એટલા સમયમાં અંબાલા ઍરબૅઝ ખાતે ઘટતું કરવાની તક મળી રહે. હવાઈ તથા જમીની સુરક્ષાવ્યવસ્થાને મજબૂત કરી શકાય. ભારતે છેક અંદર સુધી ઘૂસીને મિશનને અંજામ આપી શકે તેવાં જેગ્યુઆર વિમાન ખરીદ્યાં ત્યારે તેને પણ અંબાલા તહેનાત કરવામાં આવ્યાં હતાં. ૫૦ વર્ષ દરમિયાન અંબાલા ઍરબેઝ એટલું સજ્જ થઈ ગયું છે કે ત્યાં વધારાનો ખર્ચ કર્યા વગર નવાં વિમાનોને સામેલ કરી શકાશે. આ સિવાય વિમાન અંબાલાથી નીકળે ત્યારે ભારતીય સીમાની અંદર હવામાં જ તેમનું રિફ્યૂઅલિંગ થઈ શકે છે, જે તેની આગળની લાંબીયાત્રાને સંભવ બનાવે છે. આવું ફૉરવર્ડ બેઝ ઉપર તહેનાત વિમાનો માટે શક્ય નથી હોતું. ઍરમાર્શલ (રિટાયર્ડ) પી. કે. બારબોરા ભારતી ઍરફૉર્સની પૂર્વ તથા પશ્ચિમ કમાન્ડની કમાન સંભાળી ચૂક્યા છે.